૭૦૧/૧,૧૮૮

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ-૧ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૧]

૧. સૂર્ય સામી ધૂળની ફાંટના દૃષ્ટાંતે દોષરૂપી દુઃખ.
૨. લોઢામાં અગ્નિના પ્રવેશનું દૃષ્ટાંત અને સિદ્ધાંત લખો.
૩. અનુતાપ-પરિતાપ.
૪. 'પંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થશે.'
૫. અક્ષર મુક્તની પંક્તિમાં ભળવાના માર્ગમાં મોટું વિઘ્ન.

**પ્રશ્ન.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** [૧૫]

૧. જે કલ્યાણને અર્થે ....... જાડી બુદ્ધિવાળો છે. (વચ. ક્રમાંક ....................)
૨. તેમ ભગવાનનો નિશ્ચય ....... સમર્થ થતો નથી. (વચ. ક્રમાંક ....................)
૩. કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી ....... એને જ બુદ્ધિવાળો કહીએ. (વચ. ક્રમાંક ....................)
૪. ભગવાનની મૂર્તિની ....... તેના સ્નેહમાં ફેર છે. (વચ. ક્રમાંક ....................)
૫. આત્મનિષ્ઠા તો હોય ....... ભક્ત પામતો નથી. (વચ. ક્રમાંક ....................)

**પ્રશ્ન.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** [૪]

૧. માન　　　　૨. પંચ વર્તમાન

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મુક્તાનંદ સ્વામીની મોટપ શાને લઈને છે ?
૨. સર્વે રાજી ક્યારે થાય ?
૩. સાંપ્રદાયિક સંદર્ભ મુજબ ફૂલવાદી અને ગારુડી બંનેની વ્યાખ્યા કરો.
૪. ગ. મ. ૯ અને ગ. અં. ૩૮ પ્રમાણે મહારાજ કેવા છે ?
૫. હૃદયમાં ટાઢું ક્યારે થાય ?

**પ્રશ્ન.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** [૫]

૧. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના ................ સુધી ઢૂંસા જ છે. (પ્રધાનપુરુષ, અક્ષરધામ, પ્રકૃતિપુરુષ)
૨. હે મહારાજ ! કૃપા તો બહુ કરી, પણ અમારે ....................... નું આવરણ તે સમજાય નહિ. (મોહ, માયા, અહં-મમત્વ)
૩. મનવારોમાં પ્રથમ ............................ ભરશે. (પારસમણિ, રૂપિયા, ચિંતામણિયું)
૪. ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને ભગવાનની .................... લોપવી નહિ. (આજ્ઞા, ઉપાસના, શ્રદ્ધા)
૫. ખરેખરું જ્ઞાન થાય તો ......................... માં આવે નહિ. (જગતના બંધન, જન્મમરણના ચક્રાવા, કુસંગીના પેચ)

**પ્રશ્ન.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો.** [૧૦]

૧. મનુષ્ય તો લીંમડી કે નીચે દેખ્યા હૈ.
૨. સ્વામિનારાયણે પૃથ્વી પર રોપેલા પાંચ પગ.
૩. અરધો સત્સંગ અને આખો સત્સંગ.

## વિભાગ - ૩ : 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે

**પ્રશ્ન.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો.** [૨૦]

૧. ભગતજી મહારાજનો સંપ્રદાયની મહાન વ્યક્તિઓ પર પ્રભાવ
૨. ભગતજી મહારાજની વચનામૃત નિરૂપણની છટા.
૩. ભગતજી મહારાજનું દિવ્ય ઐશ્વર્ય.

**પ્રશ્ન.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૨૦]

૧. ભગતજીનો શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પ્રત્યેનો પક્ષપાત.
૨. ઠાકરિયો વીંછી - યજ્ઞપુરુષદાસ.
૩. વિજ્ઞાનદાસ સ્વામીનું ભગતજી મહારાજમાં જોડાણ
૪. અજાતશત્રુ ભગતજી મહારાજ.

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**